# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **ગુજરાતમાં LPG નો પૂરતો જથ્થો ઉપલબ્ધ - હવે રાંધણગેસ માટે લાઇનમાં ઊભા રહેવાની જરૂર નહીં.**
2. **રાજ્ય સરકારે 10 વર્ષમાં સિલિકોસિસથી મૃત્યુના કિસ્સામાં મૃતકોના કુલ 205 વારસદારોને 3.39 કરોડ રૂપિયાની સહાય ચૂકવી.**
3. **રાજ્યભરમાં આજથી મિલટે મહોત્સવનો આરંભ થશે.**
4. **કમોસમી વરસાદ બાદ હવે તાપમાનમાં વધારો થવાની આગાહી.**
5. **મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદની વિશેષ નમાઝ સાથે આજે ઈદ અલ-ફિત્ર ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવણી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# GAS CYLENDER

ગુજરાત સરકારના દિશાનિર્દેશનમાં રાજ્યમાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર દ્વારા તે અંગે કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરાઈ છે.

ગેસ એન્જસીઓ તરફથી એલપીજી સિલિન્ડરની યોગ્ય આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ દેખરેખ રખાઇ રહી છે, એટલું નહીં, નાગરિકોએ તેમના સિલિન્ડર માટે એજન્સીએ જઇને લાઇનમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા નાગરિકોને તેમના ઘરે જ સરળતાથી સિલિન્ડર મળી રહે તે માટે ટેક્નોલોજીના ઉપયોગથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

નાગરિકોને મોબાઇલના એક ક્લિકથી જ સિલિન્ડર મળી રહે તે માટે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરાઈ છે. એલપીજી બુકિંગ અને રિફીલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કૉલ, એસએમએસ/આઇવીઆર બુકિંગ, સ્માર્ટફોન એપ્લિકેશન અને કંપનીના સત્તાવાર પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ, એચપી ગેસ અને ભારત ગેસ દ્વારા જાહેર કરાયેલા વોટસઅપ નંબર, બુકિંગ ફોન નંબર અને હેલ્પલાઇનનો નંબરનો ઉપયોગ કરવા ગ્રાહકોને જણાવાયું છે.

# CYLICOUS SAHAY

સિલિકોસિસથી મૃત્યુના કિસ્સામાં વારસદારોને ૪ લાખ રૂપિયા અને બીમારીના કિસ્સામાં ૩ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજ્ય સરકારે ૧૦ વર્ષમાં સિલિકોસિસથી મૃત્યુના કિસ્સામાં મૃતકોના કુલ ૨૦૫ વારસદારોને ૩ કરોડ ૩૯ લાખ રૂપિયાની સહાય ચૂકવી છે.

રાજ્યમાં અકીક, પથ્થર, બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ તથા સ્વાશ્રયી વ્યવસાયિકોને સિલિકોસિસ જેવા ગંભીર વ્યવસાયલક્ષી રોગથી રક્ષણ અને સહાય માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકાઇ છે.

# MORBI SEVA SETU

મોરબી શહેરી વિસ્તાર સેવાસેતુ **2.0** કાર્યક્રમ યોજાયો હતો. અરજદારોના પ્રશ્નોના સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો. બે અલગ અલગ સ્થળ પર યોજાયેલા આ કાર્યકર્મમાં ડેપ્યુટી કમિશનર અને આરોગ્ય અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં. મોટી સંખ્યામાં સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આવકના દાખલા, રેશનકાર્ડને લગતી કામગીરી, આધારકાર્ડ સુધારા, જન્મ પ્રમાણપત્ર, આરોગ્યલક્ષી કાર્ડ ,મેડિસિન સારવાર, ઘરેલું વીજ જોડાણ તેમજ અન્ય સરકારી યોજનાઓની અરજી સ્વીકારવાની સાથે સ્થળ પર જ નિકાલ કરવાની કામગીરી હાથ ઘરવામાં આવી હોવાનું મોરબીના મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિવ ખરેએ જણાવ્યુ હતું.

બાઈટ: સ્વપ્નિલ ખરે, મ્યુનિસિપલ કમિશનર મોરબી

# MILLET MAHOTSAV

રાજ્યના મહાનગરોમાં આજથી બે દિવસીય “મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-2026”નો પ્રારંભ થશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવનો શુભારંભ કરાવશે. રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં પૂર્વ સહકાર મંત્રી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહેશે.

રાજ્યમંત્રી મંડળના સભ્યો અને મહાનુભાવો વિવિધ શહેરોમાં ઉપસ્થિત રહી આ મહોત્સવનો પ્રારંભ કરાવશે. જે અંતર્ગત વાપી મહાનગરપાલિકામાં કનુ દેસાઈ, મહેસાણા મહાનગરપાલિકામાં ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રી પ્રવિણ માળી, રાજકોટમાં કુંવરજી બાવળીયા, પોરબંદરમાં અર્જુન મોઢવાડિયા, જૂનાગઢ મહાનગરપાલિકા ખાતે પ્રદ્યુમન વાજા આ મહોત્સવનો પ્રારંભ કરાવશે.

રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં 85 અને અન્ય શહેરોમાં 620 મળી રાજ્યભરમાં કુલ 700 થી વધુ સ્ટોલ્સ વિવિધ ખેડૂતો, FPO અને ખેડૂત મંડળીઓને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. જેનાથી ખેડૂતોને સીધું વેચાણ પ્લેટફોર્મ મળશે.

# GAMBHIRA BRIDGE

આણંદના ક્ષતિગ્રસ્ત ગંભીરા બ્રિજની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. લિંકસ પાન સ્ટ્રક્ચર ફિટ કરી દેવામાં આવ્યું હોવાનું આણંદના સાંસદ મિતેશ પટેલે

જણાવ્યુ હતું. તેમણે વધુ માહિતી આપતા કહ્યું હતું કે આ બ્રિજ ટૂંક સમયમાં અવરજવર માટે ફરી શરૂ થવાની શક્યતા છે.

**બાઇટ- મિતેશ પટેલ, સાંસદ, આણંદ**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## WEATHER FORECAST

કમોસમી વરસાદ બાદ આજથી ફરી તાપમાનમાં વધારો થવાની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં એકાદ બે સ્થળે વરસાદ વરસે તેવી હવામાન વિભાગના વડા એ કે દાસે શક્યતા દર્શાવી છે.

**બાઇટ : ડૉ એ કે દાસ, નિયામક**

# PAK NUKSHAN

રાજ્યમાં પડેલા વ્યાપક કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ખેતરમાં રહેલા ઉભા પાકને ભારે નુકસાન થયું છે. ઘઉં, એરંડા, વરિયાળી, ઈસબગુલ, ઘઉં, સકરટેટી, એરંડા, મરચાના પાકમાં નુકસાન થયું છે.

મોટાભાગના કેસર કેરીના ઝાડમાંથી ફૂલ ખરી ગયા છે. ત્યારે ખેડૂતોએ સરકારને સહાય આપવાની અપીલ કરી છે. કચ્છના ખેડૂત કાનજી આહિરી સરકારને સહાય આપવા વિનંતી કરી છે.

## બાઇટ- કાનજી આહિર કચ્છ

# BOARD EXAM

ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ ગઈ છે. કોઈપણ વિવાદ વગર પરીક્ષા પૂર્ણ થતા ગુજરાત બોર્ડે, વિદ્યાર્થીઓએ અને વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે હવે પરીક્ષાનું પરિણામ વહેલું જાહેર થાય તે માટેના પ્રયાસ પણ શરૂ કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં 45 જેટલા મધ્યસ્થ મૂલ્યાંકન સેન્ટર બનાવવામાં આવ્યા છે. જ્યાં પોલીસ સુરક્ષા હેઠળ પેપર ચકાસણી પણ શરૂ કરાઇ છે. વધુ સ્ટાફ સાથે પેપર ચકાસણી કરવામાં આવી રહી છે. જેથી આ વર્ષે પણ ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલું જાહેર થઈ શકે છે.

# PREZ- EID

દેશની સાથે સાથે રાજ્યમાં આજે ઈદ અલ-ફિત્ર ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે. આ તહેવાર પવિત્ર રમઝાન મહિનાના સમાપનનું પ્રતિક છે. આજે મુસ્લિમ બિરાદરો ઈદગાહ અને મુખ્ય મસ્જિદોમાં ઈદની વિશેષ નમાઝ અદા કરશે. રમઝન મહિનો પૂર્ણ થયા બાદ મુસ્લિમ બિરાદરો ઇદની આનંદ અને ઉત્સાહ પૂર્વક ઉજવણી કરે છે. એક બીજાના ગળે મળીને ઇદની મુબારક બાદી આપે છે.

# AMBAJI MAHOTSAV

યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રિ નિમિત્તે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર, બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે 'અંબાજી ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આજે અને આવતીકાલે એમ બે દિવસ સાંજે 7 વાગે અંબાજી મંદિરના ચાચર ચોકમાં આ દ્વિ-દિવસીય સાંસ્કૃતિક મહોત્સવ યોજાશે. જેમાં રાજ્યના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા ભક્તિ સંગીત, લોક ડાયરો અને નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે.

# AMC SC RAHAT

સુપ્રીમ કોર્ટે અમદાવાદના ભદ્ર પરિસરમાં પાથરણાવાળાના મામલે 'સ્ટેટસ ક્વો'નો આદેશ આપ્યો છે. વર્તમાન સ્થિતી જાળવી રાખવાના અપાયેલા આદેશમાં સર્વોચ્ચ અદાલતે જાહેર માર્ગો પર ફેરિયાઓ દ્વારા વેચાણ કરવા પર પ્રતિબંધ

ફરમાવીને જે ફેરિયા ફૂટપાથ ઉપર કાયદેસર રીતે વેચાણ કરે છે, તે સ્થિતિ યથાવત રાખવા નિર્દેશ આપ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાઇકોર્ટના આદેશ સામે કરેલી અરજીમાં સર્વોચ્ચ અદાલતે મોટી રાહત આપતા, સુપ્રીમ કોર્ટે ભદ્ર પરિસરમાં 'સ્ટેટસ ક્વો' જાળવી રાખવાનો નિર્દેશ આપ્યો છે કે જાહેર માર્ગો ઉપર કોઈપણ પ્રકારની સ્ટ્રીટ વેન્ડિંગ પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં.

આ આદેશ સાથે ગુજરાત હાઈકોર્ટના 13 માર્ચ 2026ના તે ચુકાદાને અત્યારની પરિસ્થિતિ પર મનાઇ હુકમ ફરમાવ્યો છે.